જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૭/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>

<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-</u> <u>સમાચાર યાદી નં.૧૪૮૩/૧૭</u>

## <u>નજર ચુકવી ચોરી કરતા ઇસમને પકડી સોનાની ચેન તથા બે.મો.ફોન કિ.રૂ. ૩૯,૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરી ત્રણ ગુનાનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ અમદાવાદ શહેર</u>

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી ડી.બી વાઘેલા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ડો.ગીરીશભાઇ પંડ્યા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી રઘુવંશી સાહેબ તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી કે.એસ.દવે સાહેબ નાઓ તરફથી મળેલ સુચના આધારે રામોલ પો.સ્ટે વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ચોરીના ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ અમો સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૧૬/૧૫ વાગે માટલા સર્કલ ખાતે આવતા સાથેના પો.કો કાનાભાઇ સુરાભાઇ બનં.૧૦૦૮૭ તથા પો.કો ભરતભાઇ મનુભાઇ બનં.૫૫૫૨ નાઓની બાતમી હકીકત આધારે

**<u>(૧) રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૩૯/૧૭ ઇપીકો કલમ ૩૭૯</u>**

**<u>(૨) રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૬૯/૧૭ ઇપીકો કલમ ૩૭૯</u>**

**<u>(૩) રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૧૮/૧૭ ઇપીકો કલમ ૩૭૯</u>**

મુજબના ત્રણ ગુનાનો ભેદ ઉકેલી ગુનાના કામે ચોરીમાં ગયેલ બે વિવો કંપનીના મોબાઇલ ફોન તથા એક સોનાની સુતળી જેવી ડિઝાઇનવાળી ચેન એક તોલા વજનની મળી કુલ્લે **<u>કિ.રૂ.૩૯,૦૦૦/-નો મુદ્દામાલ રીકવર</u>** કરી **<u>આરોપી મહમંદ સોહેબ @ બાબા સ/ઓ એહમદમિંયા જાતે.શેખ ઉવ.૨૪ રહે. ખાનવાડી ટેકરા નવાબની ચાલી રામોલ પો.સ્ટેશન સામે અવાદ શહેર</u>** નાને આજરોજ **<u>તા.૨૦/૦૭/૧૭ ના કલાક ૧૭/૧૦ વાગે</u>** પકડી અટક કરી વધુ પુછપરછ હાથ ધરેલ છે.



## સાબરમતી પોલીસ સ્ટેશન

**રાણીપ તથા સોલા તેમજ માધવપુરા વિસ્તારમાંથી દુકાનોના શટરોના તાળા તોડી દુકાનોમાંથી ચોરીઓ કરતા ઇસમોની ધરપકડ કરતી સાબરમતી પોલીસ**

અમદાવાદ શહેરમાં બનતા મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધવા સારૂ પોલીસ કમિશ્નરશ્રીનાઓએ આપેલ સુચના આધારે તેમજ ના.પો.કમિ શ્રી ઝોન-૨ તથા એ.સી.પી શ્રી એલ ડીવીઝનનાઓની રાહબરી હેઠળ અમો સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી ડી.વી.રાણાનાઓના માર્ગદર્શન અનુસાર સાબરમતી પો.સ્ટેના એ.એસ.આઇ ઉદેસિંહ ગુમાનસિંહનાઓ તથા સાથેના સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં હે.કો.અરવિંદકુમાર માનાભાઇ તથા પો.કો.સંદીપકુમાર નટવરલાલનાઓને સંયુક્ત આધારે બાતમી હકીકત મળેલ કે અગાઉ ઘણી જ ઘરફોડ ચોરીઓમાં પકડાયેલ યુનુસ ઉર્ફે પાઇપ નાનો તેની ઘરફોડ ગેંગના સભ્યોએ રાણીપ પો.સ્ટે. વિસ્તારમાં તેમજ સોલા પો.સ્ટે.ની હદમાં તથા માધુપુરા પો.સ્ટે.ની હદમાં દુકાનમાંથી ચોરીઓ કરેલ છે અને આ ચોરીઓનો મુદ્દામાલ વેચાણ કરવા સારૂ પેસેન્જર ઓટોરીક્ષા નંબર GJ-01-DV-4582માં લઇને ગ્રાહકોની શોધમાં આ વિસ્તારમાં ફરે છે જેથી આ હકીકત આધારે પંચો સાથે તેઓ કબીર ચોક ખાતે વોચમાં રહી ઉપરોક્ત નંબરની રીક્ષાને ચાલક રમણભાઇ ઉર્ફે લાલો સ/ઓ નરસિંહભાઇ પટેલ ઉ.વ.31 રહે.મ.નં.21 વિજયનગર એપાર્ટમેંટ રામજી મંદીરની બાજુમાં રાણીપ અમદાવાદ શહેર તથા રીક્ષામાં બેઠેલ (1) યુનુસ ઉર્ફે યુનુસ પાઇપ સ/ઓ અબ્દુલ રહેમાન લીલગર(રંગરેજ) ઉ.વ.37 રહે.મ.નં.32 સીટીજનનગર રેશમા આપાના ભાડાના મકાનમાં બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર તથા બે જુવેનાઇલનાઓને પકડી લીધેલ અને તેમની પાસેના થેલાઓમાંથી (1) જીન્સ પેન્ટ જુદા જુદા કલરના નંગ-6 (2) રેઇનકોટ જુદા જુદા કલરના પેન્ટ શર્ટમાં પ્લાસ્ટીકના જોડી નંગ-4 (3) ટ્રાઉજર ફુલ સાઇઝના અલગ અલગ કલરના નંગ-2 (4) ટ્રાઉઝર હાફ સાઇઝના અલગ અલગ કલરના નંગ-2 તથા (૫) એક એલ.જી.કંપનીનુ એલ.ઇ.ડી.21 ઇંચનુ (૬)જુદી જુદી કંપનીના સીગારેટના પોકેટ નંગ-67 તથા (૭) સફેદ ધાતુના ત્રણ સિક્કાઓ મળી આવતા જે અંગેના આધાર પુરાવા તેઓ પાસે ન હોઇ તમામ માલ સામાન તથા ઓટો રીક્ષા સાથે મળી કુલ્લે <u>કિંમત રૂપિયા ૭૦,૮૩૪/-ની મત્તાનો</u> મુદ્દામાલ કબજે લઇ આજરોજ તા-૨૦/૭/૧૭ના કલાક ૧૭/૪૫ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧) ડી મુજબ અટક કરી આરોપીઓની વધુ પુછપરછ દરમ્યાન ઉપરોક્ત કબજે લીધેલ માલ સામાન તેઓએ રાણીપ તથા માધવપુરા તેમજ સોલા વિસ્તારમાંથી દુકાનોના તાળા તોડી દુકાનોમાંથી ચોરી કરેલ હોવાનુ જણાવતા સદર બાબતે તપાસ કરતા <u>(૧) સોલા હાઇકોર્ટ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૨૧૯/૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ(૨) માધવપુરા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.111/17 ઇ.પી.કો. કલમ 380 મુજબ તેમજ (૩) રાણીપ પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૫૧/૨૦૧૭ ઇપીકો કલમ ૩૮૦</u> વિગેરે મુજબના ગુના દાખલ થયેલ હોઇ જેથી ઉપરોક્ત ત્રણ ગુના ડીટેક્ટ કરેલ છે અને ઉપરોક્ત આરોપી પૈકી યુનુસ ઉર્ફે પાઇપ નાનો રીઢો ગુનેગાર હોઇ ભુતકાળમાં ઘરફોડ ચોરી તથા વાહન ચોરીઓ મળી આશરે ૨૨ જેટલા ગુનાઓમાં પકડાયેલ છે



## <u>સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન</u>

મે.પોલીસ કમિશ્નરશ્રીની અમદાવાદ શહેર નાઓની મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા તેમજ બનતા અટકાવવા મુજબની સુચના આધારે સેકટર-૧ શ્રી તેમજ ઝોન-૧ શ્રી તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ‘ક’ વિભાગ નાઓ તરફથી સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકીકત આધારે ઘાટલોડીયા આર.સી.ટેકનીકલ પાસેથી ઓ.એલ.એક્ષ નામની વેબસાઇડ ઉપર વેચાણ અર્થે ગાડી મુકનાર ઇસમના સંપર્ક કરી ગાડીઓનો ટેસ્ટ ડ્રાઇવ લેવાનુ જણાવી ગાડી ટ્રેસ્ટ ડ્રાઇવ માટે લઇ જઇ પરત નહી આપી છેતરપીંડી વિશ્વાસઘાત કરી ગાડીઓ પડાવી લેતા ઇસમ હર્ષલ શાંતિલાલ પટેલ ઉ.વ.૨૦ રહે.મ.નં.૬૨, અવધપુરી સોસાયટી, આર.સી.ટેકનીકલ રોડ, ઘાટલોડીયા, અમદાવાદ નાને એક સેવરોલેટ કંપનીની બીટ કાર નં.જી.જે-૧-કે.સી.૮૪૫૬ કિ.રૂ.૧,૮૫,૦૦૦/- ની સી.આર.પી.સી કલમ ૪૧(૧)ડી મુજબ કબ્જે કરી અમદાવાદ ગ્રામ્ય બોપલ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૬૧/૨૦૧૭ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦ મુજબ મુજબનો ગુનો શોધી કાઢી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

## <u>પી.સી.આર-૫૫ ના સ્ટાફે કરેલ કામગીરી</u>

પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર ના કચેરી પત્ર ક્રમાંક નં:પીસીબી/૯૭૩/૧૭ તા:૨/૭/૧૭ ના આધારે નાયબ પોલીસ કમિશ્નર, ઝોન-૫, અમદાવાદ શહેર નાઓએ તા:૧/૭/૧૭ થી તા:૩૧/૭/૧૭ સુધી ગુમ થયેલ બાળકોને શોધવા મિસીંગ ડ્રાઇવનુ ઓપરેશન મુસ્કાન – ૩ સમગ્ર દેશ લેવલે આયોજન ચાલુમાં હોય જેથી તાબાના અધિકારીશ્રી તથા માણસોને ગુમ થયેલ બાળકો શોધવા ધાર્મિક સ્થળો , બી.આર.ટી. બસ સ્ટેન્ડ,એસ.ટી. પીક અપ બસ સ્ટેન્ડ, બગીચાઓ,મંદિરો વિગેરે જગ્યાએ તેમજ નાની ઉંમરના બાળકો એકલા હોય અને ભીખ માગતા હોય તો ચેક કરવાની સમજ કરતા

તા:૧૯/૭/૧૭ ના રોજ PCR વાન-૫૫ ના માણસો પોસ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ક:૧૧/૦૦ વાગે બાપુનગર, ૧૩૩ બસ સ્ટેન્ડ પાસે એક અજાણી છોકરી ઉવ.૧૩ ની ઉભી ઉભી રડતી જણાઇ આવતા PCR-૫૫ ના સ્ટાફના માણસોએ તેને પુછપરછ કરતા પોતાનુ નામ ઇન્દિરા ઉર્ફે પારૂ D/O કનાભાઇ ગોમાભાઇ તલીયાડ ઉવ.૧૩ રહે.ગામ:તલૈયા પોસ્ટ:વીછીવાડા તા: જી: ડુંગરપુર, રાજસ્થાન ની હોવાનુ જણાવેલ. ભણવા બાબતે પોતાના પિતાએ ઠપકો આપતા આજથી દસેક દિવસ પહેલા કોઇને કહ્યા સિવાય ઘરેથી નિકળી ગયેલ. તેની પાસેથી તેના પિતાજીનો મોબાઇલ ફોન નંબર ૯૭૯૯૯૪૭૮૦૪ મેળવી સંપર્ક કરતા તેના માતા પિતા આજરોજ તા:૨૦/૭/૧૭ ના રોજ રખિયાલ પોસ્ટે આવતા સદર દિકરી પોતાની છે તે બાબતના લેખીત પુરાવા રજુ કરતા મહિલા સમિતિના સભ્ય ભારતીબેન મનોજકુમાર જેઠવા રહે.૩૧૭, મધુસુદન બંગ્લોઝ, નવો વાસ, રખિયાલ, અમદાવાદ શહેર નાઓને સાથે રાખી તેણીનો કબ્જો સોંપવમા આવેલ છે. સદર બાળા ગુમ થયેલ તે બાબતની સદરીના માતા પિતાએ જે તે પોલીસ સ્ટેશનમાં કોઇ નોંધ કરાવેલ નથી.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.